# જમાલપુરમાં પાંચ માળની બિલ્ડીંગ ધારાશાયી થતા મચી દોડધામ



અમદાવાદ,તા.૧૯

અમદાવાદના જમાલપુરા કાઝીધાબા ગલીમાં પાંચ માળવી બિલ્ડીંગ ધારાશાયી થતા દોડધામ મચી જવા પામી હતી. પ્રાથમિક માહિતી પ્રમાણે બિલ્ડીંગ પડવાની દુર્ઘટનામાં કોઇ જાન હાની થઇ ન હતી. પોલીસ અને પાલિકાના સ્ટાફે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી શરૂ કરી દીધી હતી. મંગળવારે રાજ્યને તૌકતે વાવાઝોડાએ ધમરોળ્યું હતું. અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં પ્રચંડ ગતિ સાથે પવન સાથે વરસાદ પડવાને કારણે અનેક જગ્યાઓએ ઝાડ, અને બેનરનું માળખું ધારાશાયી થયું હતું. સદ્દભાગ્યે ગઇ કાલે કોઇ જાન હાની થઇ ન હતી. ઘટનાના બીજા દિવસે અમદાવાદના જમાલપુર વિસ્તારમાં અકસ્માતની ઘટના સામે આવી હતી. જમાલપુર કાઝીધાબા ગલીમાં આવેલી પાંચ માળની બિલ્ડીંગ બુધવારે બપોરે ધારાશાયી થઇ હતી. બિલ્ડીંગનો વિડીયો સામે આવતા સનસનાટી મચી જવા પામી હતી. બિલ્ડીંગની બાલ્કનીમાં લોકોના કપડા સુકવવા મુકેલા જોવા મળ્યા હતા. બિલ્ડીંગ પડતી વખતે લોકો દુર બુમો પાડતા વિડીયોમાં સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યા છે. બિલ્ડીંગ ગણતરીની મીનીટોમાં જમીનદોસ્ત થઇ જાય છે. બિલ્ડીંગ પડતાની સાથે સલામત અંતરે લોકો એકત્ર થઇને સમગ્ર નજારો જોઇ રહ્યા છે. પ્રાપ્ત પ્રાથમિક માહિતી પ્રમાણે, ૫ માળની બિલ્ડીંગ પડવાની ઘટનામાં કોઇ જાન હાની થઇ નથી. સમગ્ર મામલે જાણ થતા જ પાલિકા અને પોલીસની ટીમો ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. અને લોકોને દુર કરવા સહિતની બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. અચાનક બિલ્ડીંગ કેમ પડી તે અંગેની વધુ વિગત વહીવટી તંત્ર દ્વારા તપાસ બાદ બહાર આવશે.

# છોટાઉદેપુર નગરમાં ગંદકી અને અસુવિધાને લઇ જાગૃતજનોમાં નારાજગી

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૧૯

છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારમાં હાલ સોસ્યલ મીડીયાના માધ્યમથી નગરમાં પ્રસરેલી ગંદકીના અહેવાલ ભારે ચર્ચામાં ચાલી રહ્યાછે પ્રકાશિત થયેલ અહેવાલમાં સ્વચ્છ છોટાઉદેપુર નગરના લેબલ ઉપર કટાક્ષ સાથે ટીપ્પણી કરવામાં આવી રહીછે ચોક્કસ વ્યક્તીઓ દ્વારા શાકમાર્કેટ આગળની ગંદકીના ફોટા પ્રકાશિત કરવામાં આવ્યાછે છોટાઉદેપુરનાં નાક સમાન રજવાડી પરિવારની ભેટ એવા કુસુમસાગર તળાવની ગંકી અને દુર્દસા પ્રકાશિત કરવામાં આવીછે એમાય ખાસ ચર્ચા એ હતી કે હાલ પ્રાદેશિક કમિશ્નર વડોદરાને જવાબદારી સોપી હોય લોકોની આર ટી આઈ અને અરજીઓ બાબતે વડોદરાના અધિકારીઓને કાઈ પડી હોતી નથી આ જવાબદારી જીલ્લા કલેકટર છોટાઉદેપુર પાસે હતી ત્યારે સ્થાનિક લોકોની રજુઆતો પરત્વે ત્વરિત ઉકેલ લાવવામાં આવતો નથી વડોદરાના પ્રાદેશિક કમિશ્નર દ્વારા કેમ પ્રજા તથા પશુ પ્રાણીનાં આરોગ્ય સાથે ખેલ ખેલવામાં આવી રહ્યોછે અને આજ પ્રશ્ન સ્થાનિક નેતાઓ જોઇને ચુપકીદી સેવી પ્રજાને મુર્ખ સમજી રહ્યા હોત તેમ લોકો ટીપ્પણી કરી રહ્યાછે ખાસ તો ગાય જેવા પવિત્ર માનવામાં આવતા પશુ રોજ શાકમાર્કેટ પાસે પ્લાસ્ટિક ખાતા ફોટા વાઈરલ થયાછે અને ગાયો આ ખાડા પછી કેવી સ્થિતિમાં જીવતી હશે એતો એના માલીકોનેજ ખબર પડે ત્યારે સત્તાધીશો કેમ આનો ઉકેલ લાવતા નથી ?તળાવની ગંદકી પણ વર્ષો વીતવા છતાં સાફ કરવામાં આવતી નથી સ્ટેશન વિસ્તારમાં જમીલ ભાઈ મદારાના મકાન નજીક આવેલ એક ખાડાનો નિકાલ પણ થતો ન હોવાની ટીપ્પણી કરવામાં આવીછે બીજું સત્તાધીસોને શેમાં રસ છે એ આમજનતા સારી રીતે સમજેછે અને જાણેછે બીજી એક ટીપ્પણી એવીછે કે કોરોના મહામારીને જોતા પાલિકા દ્વારા નગરની જનતા માટે કોઈ કોવીડ સેન્ટર ઓક્સીજન પ્લાન્ટ સાથે શરુ કરવામાં આવ્યું નથી કે ઓક્સીજન પ્લાન્ટ સરકાર પાસે માંગની કરી શરુ કરવામાં આવેલ નથી આ બાબતોને પ્રાદેશિક કમિશ્નર ધ્યાને લઇ પાલિકાને અસુવિધા દુર કરવા આદેશ કરે તેવી લોક માંગ છે

# શહેરમાં કોવીડ ગાઇડલાઇનની જોગવાઈઓ તા. ૨૧ સુધી અનુસરવી

વડોદરા, તા.૧૯

વડોદરા શહેર પોલીસ કમિશનરે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા જીપી એકટ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે હુકમ બહાર પાડ્યો છે. વડોદરા શહેર વિસ્તારમાં આ હુકમ તા.૨૧ મે -૨૦૨૧ સુધી અમલી રહેશે.

લગ્ન સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૫૦ થી વધુ વ્યક્તિઓએ એકઠાં થવું નહિ. રાત્રિ કરફ્યુના સમયે લગ્ન કે સત્કાર સમારંભ કાર્યક્રમો યોજવા નહિ. મૃત્યુ કિસ્સામાં ૨૦ થી વધુ વ્યક્તિઓએ એકત્ર થવું નહિ. જાહેરમાં કોઇપણ પ્રકારના કાર્યક્રમો, ઉજવણી, મેળાવડાઓ સહિતનું યોજવા પર તાત્કાલિક અસથી સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. મે માસ દરમિયાન આવતા ધાર્મિક તહેવારો જાહેરમાં લોકોને એકઠાં થવા કે જાહેરમાં ઉજવી શકાશે નહિ. તમામ તહેવારો પોતાની આસ્થા અનુસાર ઘરમાં કુંટુંબ સાથે ઉજવવા. જાહેરમાં રાજકીય, ધાર્મિક, સામાજિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મ દિવસ સહિતની ઉજવણીઓ કે મેળાવડાઓ યોજવાની સંપૂર્ણ મનાઈ રહેશે.આવશ્યક સેવાઓ સિવાયની સરકારી, અર્ધ સરકારી, બોર્ડ અને કોર્પોરેશન, ફાયનાન્સ ટેક સંબંધિત સેવાઓ, રોકડ વ્યવહાર સેવાઓ, બેન્કોના કલિયરિંગ હાઉસ, એ. ટી.એમ.અને સી.ડી.એમ. રીપેરર, શેર બજાર, શેર બ્રોકર, વીમા કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની હાજરી સંખ્યા ૫૦ ટકા સુધીની રાખવી. આ સમયગાળા દરમિયાન તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ સેન્ટરો (ઓનલાઇન શિક્ષણ સિવાય), સિનેમા ઘરો, ઓડીટોરિયમ, સભા ગૃહો, વોટર પાર્ક, જાહેર બાગ-બગીચા, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમિંગ પુલ અને અન્ય મનોરંજન સ્થળો બંધ રહેશે. એપીએમસીમાં ફક્ત શાકભાજી અને ફળફળાદીનું જ ખરીદ વેચાણ કોવિડ-૧૯ની માર્ગદર્શક સૂચનાઓ પાળીને થઈ શકશે. તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે બંધ રાખી ને તેની સાથે સંબંધિતો ને આવા સ્થળોની દૈનિક પૂજા પૂજારીઓ અને સંચાલકો દ્વારા કરવાની સૂચના આપવામાં આવી છે અને શ્રધ્ધાળુઓને ધાર્મિક સ્થાનોમાં પ્રત્યક્ષ દર્શન માટે ન જવા અનુરોધ કરવામાં આવ્યો છે.આ સંદર્ભમાં અગાઉ વિવિધ જાહેરનામા દ્વારા આપવામાં આવેલી અન્ય સૂચનાઓનો યથાવત અમલમાં રહેશે. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોટ્‌ર્સ કોમ્પલેક્ષ/ સ્ટેડિયમ, સંકુલમાં પ્રેક્ષકો વગર રમત ગમત ચાલુ રાખી શકાશે. જાહેર પરિવહન મહત્તમ ૫૦ ટકા કેપેસિટીમાં ચાલુ રહેશે. નાગરિકોને કોવિડ વિષયક માસ્ક, ફેસ કવર, સોશિયલ ડિસ્ટન્સ અને અન્ય માર્ગદર્શક સૂચનાઓ અને તકેદારીઓનું ચૂસ્ત પાલન કરવા સૂચના આપવામાં આવી છે. આ દરમિયાન કોવીડ સંબંધિત અન્ય માર્ગદર્શક સૂચનાઓનું દરેક નાગરિકોએ ચૂસ્તપણે પાલન કરવું.હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઇઓ સહિત ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ તથા જીપી એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ઠરશે.

# ઇન્ડિયન મેડિકલ એસોસિએશને આંશિક લોકડાઉન ૩૧મી મે સુધી લબાવવાનો અનુરોધ કર્યો

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં કોરોનાનો કહેર હવે ધીમે ધીમે કાબુમાં આવી રહ્યો છે ત્યારે તેને વધુ ફેલાય નહી તે માટે ઈન્ડિયન મેડિકલ અસોસિસએશન ગુજરાત ચેપ્ટરે રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીને પત્ર લખીને જણાવ્યું છે કે, કોવિડ-૧૯ની સ્થિતિ ઘણી મહેનત અને તણાવ બાદ નિયંત્રણમાં આવી છે. તેથી ૩૬ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ અને નિયંત્રણો સહિત આંશિક લોકડાઉન આગામી ૩૧મી મે સુધી લંબાવવું જોઈએ તેવી વિનંતી છે.

આઇએમએના ગુજરાતના પદાધિકારીઓ ડો. કમલેશ સૈની અને ડો. દેવેન્દ્ર પટેલે મુખ્યપ્રધાનને પત્ર લખીને રજૂઆત કરી છે કે, છેલ્લા કેટલાક અઠવાડિયાથી ગુજરાતમાં કોવિડ-૧૯ની બીજી લહેર બાદ કેટલાક દિવસથી કોરોનાના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે. રાજ્ય સરકારે સમયસર આંશિક લોકડાઉન લાદી દેતા આ શક્ય બન્યું હતું. જેમાં તમામ બિન-જરૂરી સેવા બંધ રાખવામાં આવી છે અને ઘર બહાર નીકળતા લોકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. જેના પરિણામરુપે કોરોનાના કેસ ઘટ્યા છે.તેમણે ચેતવણી આપી કે, ભૂતકાળના અનુભવ મુજબ, આગામી થોડાક દિવસોમાં આંશિક લોકડાઉનમાં રાહત આપવી અથવા હટાવી લેવું તે ભૂલ ગણાશે. જો આમ કરવામાં આવશે તો જે કેસ ઓછા થયા છે તે ફરી વધી જશે. આ સિવાય લોકોના જીવન ગુમાવ્યા સિવાય તેમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ થશે. ઉલ્લેખનીય છે કે,રાજ્ય સરકારે ૩૬ શહેરોમાં આંશિક લોકડાઉન શુક્રવાર સુધી લંબાવ્યું છે અને વાવાઝોડાની સ્થિતિ નિયંત્રણમાં આવ્યા બાદ બિન-જરૂરી ધંધાઓ ખોલવા કે કેમ તે અંગેનો નિર્ણય લેશે તેવી શક્યતા છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૭ લાખ ૬૬ હજાર ૨૦૧ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૯ ૨૬૯ થયો છે. તેમજ અત્યાર સુધીમાં ૬ લાખ ૬૦ હજાર ૪૮૯ દર્દી ડિસ્ચાર્જ થયા છે.

## સિંહ ગુમ થવા બાબતે સરકારનો રદિયો

# સૌરાષ્ટ્રમાં કોઈ પણ સિંહો ગુમ થયા નથી, ગીર અને બૃહદગીરના તમામ સિંહો સલામત

(પ્રતિનિધિ)અમદાવાદ,તા. ૧૯

રાજ્યમાં તાજેતરમાં આવેલા તાઉ-તે વાવાઝોડા અંતર્ગત સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૮ સિંહો ગુમ થયા અંગે વન વિભાગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, ગીર અને બૃહદગીરના તમામ સિંહો સલામત છે. આ વિસ્તારના એક પણ સિંહનું મોત થયુ નથી કે કોઈ પણ પ્રકારનું નુકસાન થયુ નથી. વન વિભાગ દ્વારા સિંહોની સલામતી માટે સતત કાળજી લેવામાં આવી રહી છે તેનું મોનીટરીંગ કરવામાં આવી રહેલું છે. અને સિંહોની સુરક્ષા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે તેમ જુનાગઢ વન્યપ્રાણી વર્તુળના મુખ્ય વન સંરક્ષક શ્રી ડી. ટી.વસાવડા દ્વારા જણાવાયું છે.

આજે ૧૮ જેટલાં સિંહો ગુમ થયેલ હોવાના સમાચારો મીડીયામાં પ્રસારીત થયા છે તે અંગે વધુ વિગતો આપતા તેમણે કહ્યું કે, સૌરાષ્ટ્રનો માંગરોળથી લઈ મહુવા, તળાજા સુધીના દરિયાકાંઠાના વિસ્તારોમાં સિંહોએ પોતાનું રહેઠાણ બનાવ્યું છે અને અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ તથા ભાવનગર જીલ્લામાં સિંહો વસે છે. વાવાઝોડાની ચેતવણી મળતાં જ દરિયા કાંઠે વસતા સિંહો સહીત તમામ સિંહોની સલામતી માટે પગલા લેવામાં આવ્યા હતાં અને આ સિંહોનું સતત મોનીટરીંગ કરાયું હતું.

આ મોનીટરીંગ દરમિયાન રાજુલા વિસ્તારના સિંહો દરિયાથી દુર સલામત સ્થળે જાતે જ ખસી ગયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. રાજુલા, જાફરાબાદ, ઉના, કોડીનાર કે મહુવા તાલુકાના દરિયા કાંઠાના વિસ્તારોમાંથી એક પણ સિંહ ગુમ થયાનું જણાયું નથી કે આવા કોઈ અહેવાલો પ્રાપ્ત થયા નથી.

## ચક્રવાતે વીજ થાંભલાને વચ્ચેથી વાળીને તોડી નાખ્યો વીજ નિગમે નવો થાંભલો સ્થાપિત કરાવ્યો

વડોદરા, તા.૧૯

ચક્રવાતની તાકાતનો પરિચય જીવંતની સાથે જડ ને પણ થયો છે. તેની અસરથી ફૂંકાયેલા પવનો એ મકરપુરા જી.આઇ.ડી.સી.ની વાસુ ફીડરના એક વીજ થાંભલાને બરોબર વચ્ચે થી તોડીને વાંકો વાળી દીધો હતો.

આજે સવારે લગભગ ૯ વાગે વીજ નિગમના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ઇજારદારના કર્મયોગીઓ આ તૂટેલા થાંભલાને હટાવી લઈ ત્યાં નવો થાંભલો બેસાડી વીજ લાઈન ફરીથી સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરી હતી તેવી જાણકારી આપતાં એમ.જી.વી.સી.એલ.ના અધિકારી શ્રી દેસાઈએ જણાવ્યું કે, આ ભારે જહેમત માંગી લેતી કામગીરી બપોરના સમયે લગભગ પૂરી થવાને આરે છે.

# હાલની પરિસ્થિતિને ધ્યાને રાખી શહેરમાં પ્રતિબંધિત કૃત્યો કરવા નહિ

વડોદરા, તા.૧૯

હાલની પરિસ્થિતિને લક્ષમાં લઇ, કોઇપણ પ્રકારે સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, પ્રદૂષણ રહિત વાતાવરણ જળવાઇ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે પોલીસ કમિશનરે હુકમ ફરમાવ્યો છે. સમગ્ર વડોદરા શહેરમાં શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર અને અઢી ઇંચથી વધુ લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય જેવા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની કે અન્ય રીતે સ્વબચાવ સિવાય સાથે રાખીને ફરવું નહિ. જાહેર જગ્યાઓ પર પરવાનાવાળા હથિયારો, હવામાં ફાયરિંગ કરવું, ધાર્મિક સરઘસ કે સમુદાયમાં સ્ફોટક પદાર્થો કે હથિયારો લઇ જવા નહિ. પથ્થરો કે બીજા શસ્ત્રો ફેંકવા કે નાંખવા નહિ, સાધનો લઇ જવા નહિ. આવા સાધનો એકઠાં કરવા કે તે કરવાની તૈયારી કરવી નહિ. સરઘસ સાથે સળગતી મશાલ રાખવી નહિ. વ્યક્તિઓના પૂતળાં બાળવા કે લટકાવવા કે પૂતળાને ફાંસી આપવી નહિ. ખાનગી સુરક્ષા એજન્સીના સંચાલક અને કર્મચારી પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યામાં જવું નહિ. લોકોએ બૂમ પાડવી નહિ, ગીતો ગાવા કે વાદ્યો વગાડવા નહિ. છટાદાર ભાષણ આપવા, ચાળા પાડવા, નકલો કરવી, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી કે દેખાડવી નહિ. રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાની સંભાવના હોય તેવા છટાદાર ભાષણો આપવા કે ચાળા પાડવા નહિ. સમગ્ર વડોદરા શહેરમાં તા.૨ જૂન-૨૦૨૧ સુધી અમલી રહેશે.


## પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન

એન્જીનિયરીંગ વિભાગ

ઈ-ટેન્ડર નિવિદા નં: ડીઆરએમ-બીઆરસી ૨૦૨૧-૨૦૨૨ માં ૦૩૭ થી ૦૪૦

ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યૂઈ/સી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા ૩૯૦૦૦૪, નિમ્નલિખિત કામો માટે મહોર બંધ ટેન્ડર મંગાવે છે.

| અનુ. નં. | ટેન્ડર નં અને કાર્યનું નામ | કાર્યનું અંદાજિત ખર્ચ | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧ | ડીઆરએમ-બીઆરસી ૨૦૨૧-૨૦૨૨માં ૦૩૭<br>પ્રતાપનગર (એનએઆઈઆર): સેનિયર સેક્શન એન્જીનિયર (કાર્ય) (એનએઆઈઆર) ના અધિકાર ક્ષેત્રમાં એનએઆઈઆરની ભૂમિમાં ભૂગર્ભ પાણીના નિકાલ માટેની લાઇનની વાર્ષિક જાળવણી માટે કરાર. (૨૪ મહિના માટે) | ₹ ૪,૨૯,૩૮૦.૯૨/- | બોલીની બાંહેધરીમાં જણાવ્યા અનુસાર |
| ૨ | ડીઆરએમ-બીઆરસી ૨૦૨૧-૨૦૨૨માં ૦૩૮<br>પ્રતાપનગરઅને વિશ્વામિત્રી: સેનિયર સેક્શન એન્જીનિયર (કાર્ય)ના અધિકાર ક્ષેત્રમાં રેલવે અને અન્ય ભૂમિમાં ભૂગર્ભ પાણીના નિકાલ માટેની લાઇનની વાર્ષિક જાળવણી માટે કરાર. (૨૪ મહિના માટે) | ₹ ૧૩,૦૨,૨૫૨.૨૧/- | બોલીની બાંહેધરીમાં જણાવ્યા અનુસાર |
| ૩ | ડીઆરએમ-બીઆરસી ૨૦૨૧-૨૦૨૨માં ૦૩૯<br>પ્રતાપનગર (એનએઆઈઆર): સેનિયર સેક્શન એન્જીનિયર (કાર્ય) (એનએઆઈઆર) ના અધિકાર ક્ષેત્રમાં યાંત્રિક પદ્ધતિ દ્વારા ભૂગર્ભમાં નીચે બેઠેલો કચરો સાફ કરવાનો, ઓવરહેડ/પીવીસી ટાંકીઓની સાફ-સફાઈ કરવાનો અને તેને જીવાણું રહિત કરવાનો કરાર (૨૪ મહિના માટે) | ₹ ૪,૫૦,૮૪૪.૮૨/- | બોલીની બાંહેધરીમાં જણાવ્યા અનુસાર |
| ૪ | ડીઆરએમ-બીઆરસી ૨૦૨૧-૨૦૨૨માં ૦૪૦<br>ભરુચ-ઉતરણ વિભાગ: સેનિયર સેક્શન એન્જીનિયર (કાર્ય) ભરુચના અધિકાર ક્ષેત્રમાં ૨૪ મહિના માટે પીવાના પાણીને કલોરિનીકરણ દ્વારા જીવાણું રહિત કરવું. | ₹ ૧૦,૧૧,૦૫૮.૭૩/- | બોલીની બાંહેધરીમાં જણાવ્યા અનુસાર |

(૧) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: અનુ. નં ૧, ૨, ૩ અને ૪ માટે - ટેન્ડર ૧૪.૦૬-૨૦૨૧ તારીખે ૧૫.૦૦ કલાક અગાઉ મોકલવાનું છે અને તે જ દિવસે ૧૫.૩૦ કલાકે ખોલવાનું છે. (૨) ટેન્ડરનું વર્ણન જોઈ શકાય તે નોટિસનું સ્થળ અને વેબસાઈટની વિગત અને જ્યાંથી ટેન્ડર ખરીદી શકાય તે ઓફિસનું સરનામું: વેબસાઈટ: http://www.ireps.gov.in, ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યૂએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ BRC/031


લાઈક કરો: facebook.com/WesternRly | ફોલો કરો: twitter.com/WesternRly


## ગુજરાતમાં જીનોમિક સિલેકશન અમલી બનાવવા માટે

# એનડીડીબી અને ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશને સમજૂતિના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા

આણંદ, તા.૧૯

એનડીડીબી, ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીગ ફોડરોશન અને ગુજરાતના દૂધ સંઘો વચ્ચે જીનોમિક પસંદગી માટે રેફરન્સ પોપ્યુલેશનનો વિસ્તાર કરી સુધારેલા જીનેટિક્સ ધરાવતી ઓલાદોનો લાભ ગુજરાતના ખેડૂતોને પૂરો પાડવા સમજૂતિના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. તા. ૧૮ મેના રોજ આણંદમાં યોજાયેલા એક વર્ચ્યુઅલ સમારંભમાં એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડિરેકટર મિનેશ શાહ અને જીસીએમએમએફના મેનેજીગ ડિરેકટર આર. એસ. સોઢીએ સમજૂતિના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા.આ સમારંભમાં સમજૂતિના કરાર ઉપર હસ્તાક્ષર પ્રસંગે ગુજરાતના દૂધ સંઘોએ હાજરી આપી હતી. આ પ્રસંગે વાત કરતાં શાહે જણાવ્યું હતું કે જીનોમિક પસંદગી જેમનો પર્ફોર્મન્સ અને જીનોટાઈપ રેકર્ડ કરાયો છે તેવા રેફરન્સ પોપ્યુલેશનના કદ ઉપર આધાર રાખે છે. જીનોમિક પસંદગીની ચોકસાઈથી રેફરન્સ પોપ્યુલેશનનુ વિસ્તરણ થાય છે. સોઢીએ માહિતી આપી હતી કે જીસીએમએમએફ અને ગુજરાતના દૂધ સંઘો જીનોમિક પસંદગીમાં મહત્વની ભૂમિકા અદા કરશે.એનડીડીબી, જીસીએમએમએફ અને દૂધ સંઘો સાથે મળીને રેકોર્ડીંગ, ડેટાના વિશ્લેષણ અને એકત્ર કરાયેલા ડેટાના મોનિટરીંગની કામગીરી બજાવશે. સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર્સ નક્કી કરાશે. આગામી પાંચ વર્ષમાં આશરે ૧.૯ લાખ પશુઓના દૂધ ઉત્પાદન, ફેટ, એસએનએફ અને દૂધમાં પ્રોટીનના પ્રમાણ, પશુની પુન:ઉત્પાદનની નિયમિતતા, રોગના બનાવો, પશુનો શરીર પ્રકાર વગેરે સંબંધી ડેટા રેકર્ડ કરવામાં આવશે. જેમનો રેકર્ડ લેવાયો છે તેવાં પશુઓમાંથી ૮૦,૦૦૦ પશુઓનો જીનોટાઈપ નક્કી થશે .




INEOS STYROLUTION
Driving Success. Together.

## INEOS STYROLUTION INDIA LIMITED

**Registered Office :** 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura,Vadodara - 390 023, Gujarat, India.
Corporate Identity Number **(CIN):** L25200GJ1973PLC002436
**Tel.No. :** +91 265 2303201, 2303202; **Fax No :** +91 265 2303203
**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

### EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2021

(INR in Lakhs except EPS)

| Sr No | Particulars | Quarter ended on March 31, 2021 | Quarter ended on December 31, 2020 | Quarter ended on March 31, 2020 | For the year ended on March 31, 2021 | For the year ended on March 31, 2020 |
|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 63,654.76 | 48,483.14 | 35,899.65 | 163,148.40 | 157,899.91 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 21,645.51 | 13,526.06 | 888.92 | 37,607.38 | 2,445.64 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 21,645.51 | 13,526.06 | 888.92 | 37,607.38 | (1,349.81) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 16,140.22 | 10,299.73 | 445.26 | 28,021.52 | (952.26) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 16,150.59 | 10,248.82 | 442.33 | 27,949.41 | (973.40) |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | -- | -- | -- | 87,119.44 | 59,170.03 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 91.78 | 58.57 | 2.53 | 159.34 | (5.41) |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on May 19, 2021. The limited review report does not contain any qualification by the statutory auditors.

(2) The above extract of the detailed format of the financial results for the quarter and for the quarter and year ended Mar 31, 2021 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com).

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : May 19, 2021